રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંગે સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2023/3375/G**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૦૮/૨૦૨૪

<u>વંચાણે લીધા:-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪.

(૩) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ.

(૪) શિક્ષણ વિભાગનું તા.૦૧/૦૮/૨૦૨૪નું જાહેરનામું ક્રમાંક:GH/SH/41/2024/ED/MIS/e-file/3/2024/0482/G.

(૫) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/3375/G થી રચવામાં આવેલ સમિતિનો અહેવાલ.

<u>આમુખ:-</u>

ઉક્ત ક્રમ (૧) સામે વંચાણે લીધેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮ મા)ની કલમ ૩૫થી મળેલી સત્તાની રૂએ નોંધાયેલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની પસંદગી કરવા નિયમો ઘડવામાં આવે છે. ઉક્ત ક્રમ (૨) સામે વંચાણે લીધેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ થી શિક્ષકોની ભરતી અંગે જરૂરી શૈક્ષણિક લાયકાત સંબંધિત જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત ક્રમ (૩) સામે વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ થી શૈક્ષણિક સ્ટાફની ભરતીમાં જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકનો ભરતી રેશિયો ૧:૩ નિયત કરવામાં આવેલ છે. ઉક્ત ક્રમ (૪) સામે વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક: GH/SH/41/2024/ED/MIS/e-file/3/2024/0482/G થી શિક્ષણ સહાયકોની ભરતી માટે અદ્યતન ભરતી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેમજ જૂના શિક્ષકની વ્યાખ્યા નક્કી કરવામાં આવેલ છે.

વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ થી આગામી ભરતીઓમાં જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકનો રેશિયો નક્કી કરવામાં આવેલ પરંતુ જૂના શિક્ષકની ભરતી પ્રક્રિયા અંગે કોઈ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ ન હતી.

રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોની જુના શિક્ષક તરીકે ભરતી કરી શકાય તે માટે વિચારણા કરવા અને ભરતી અંગેની સૂચનાઓ નિયત કરવા ઉક્ત ક્રમ (૫) સામે વંચાણે લીધેલ વિભાગના તા.૦૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: :ED/MSM/e-file/3/2023/3375/G થી સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિએ રજૂ કરેલ ભલામણો સહિતનો અહેવાલ ધ્યાને લઈને જૂના શિક્ષકોની ભરતી કરવા નીચે મુજબની પ્રક્રિયા / સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**(૧) પસંદગી સમિતિ:-**

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે અમલી "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ" જૂના શિક્ષકની ભરતીની કાર્યવાહી કરશે. સમિતિના કાર્યો, ફરજો, મુખ્ય મથક, ખર્ચ કરવા સંબંધિત જોગવાઈઓ ઉક્ત ક્રમ (૪) સામે વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક:GH/SH/41/2024/ED/MIS/e-file/3/2024/0482/G થી નિયત કર્યા મુજબ રહેશે. ઉક્ત સમિતિ જૂના શિક્ષકની ભરતી પ્રક્રિયા માટે જરૂર જણાયે આનુષાંગિક સૂચનાઓ બહાર પાડી શકશે અને કાર્યપદ્ધતિ નક્કી કરી શકશે.

**(૨) જૂના શિક્ષક તરીકેની લાયકાત અને પાત્રતા:-**

1) શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો સળંગ શૈક્ષણિક અનુભવ ધરાવતા, હાલ સેવામાં હોય તેવા નિયમિત શિક્ષક આ નિયમોની જોગવાઇઓને આધિન અરજી કરવાપાત્ર રહેશે.
2) જાહેરાતની તારીખે વયનિવૃત્તિ માટે ૨(બે) વર્ષ કરતાં ઓછો સમય બાકી હોય તેવા શિક્ષક જુના શિક્ષક તરીકે ભરતી માટે અરજી શકશે નહીં.
3) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.
4) શિક્ષક તરીકેના સમગ્ર સેવાકાળ દરમ્યાન એક પણ વખત જૂના શિક્ષક તરીકે ભરતી/બદલીનો લાભ લીધેલ ન હોય તેવા મદદનીશ શિક્ષક જ અરજી કરવાપાત્ર રહેશે. (શિક્ષક તરીકેના સમગ્ર સેવાકાળ દરમ્યાન જૂના શિક્ષક તરીકે ભરતી/બદલીનો લાભ માત્ર એક વખત મળવાપાત્ર થશે.

(૩) જૂના શિક્ષકની જગ્યા માટેની અરજી કરવા બાબત.

1) જૂના શિક્ષકની જગ્યા માટેની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે, જાહેરખબરમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ સૂચનાઓ અનુસાર નિયત નમૂનામાં, નિયત ફી સાથે નિયત સમયમર્યાદામાં પસંદગી સમિતિને અરજી સાદર કરવી જોઇશે.
2) ઉમેદવારની નિમણુક જે માધ્યમ, વિભાગ, વિષય અને કેટેગરી માં થયેલ હશે તે જ માધ્યમ, વિભાગ, વિષય અને કેટેગરી માટે ઉમેદવાર અરજી કરી શકશે.
3) ઉમેદવારે કરેલ અરજી પત્રક પાછું ખેંચવા અને ચૂકવેલ અરજી ફી ની રકમ પરત મેળવવાની વિનંતી કોઇપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ભવિષ્યમાં ઉમેદવાર આ અંગે કોઈ હક્કદાવો કરી શકશે નહીં.
4) એક કરતા વધારે અરજી કરેલ ઉમેદવારની ઉમેદવારી રદ થવાને પાત્ર રહેશે.
5) બિનસરકારી અનુદાનિત લઘુમતી શાળાઓના શિક્ષકો જૂના શિક્ષકની ભરતી માટે અરજી કરવાને પાત્ર ગણાશે નહીં.
6) ઉમેદવારે જૂના શિક્ષક તરીકે અરજી કરતા પૂર્વે જે શાળામાં હાલ નોકરી કરે છે તે શાળા મંડળ/આચાર્યની NOC મેળવવાની રહેશે અને NOCની નકલ ડૉક્યુમેન્ટ વેરિફીકેશન વખતે રજૂ કરવાની રહેશે. શાળા મંડળ/આચાર્ય તરફથી સમયમર્યાદામાં ગેરવ્યાજબી કારણોસર NOC ન મળવાના કિસ્સામાં સબંધિત જિલ્લા શિક્ષણાધિકારી NOC આપી શકશે પરંતુ આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ-૧૯૬૪ની જોગવાઈઓ તથા મળેલ સત્તાનુસાર શાળા અને શાળામંડળ વિરુધ્ધ કાર્યવાહી કરવાની રહશે.
7) જૂના શિક્ષક તરીકે અરજી કરતી વખતે ઉમેદવારે ફરજ બજાવેલ શાળા/મંડળનું 'ખાતાકીય તપાસ ચાલુ કે પડતર નથી.', 'કોર્ટ કેસ અને ક્રિમિનલ કેસ ચાલુ કે પડતર નથી.', 'કોઈ નાણાંકીય લેણું બાકીમાં નથી' આ મુજબનાં 'પ્રમાણપત્ર' રજૂ કરવાના રહેશે.

(૪) પસંદગી યાદી તૈયાર કરવા બાબત:-

1) ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક અનુભવના કુલ દિવસોના આધારે પસંદગી યાદી તૈયાર કરવી જોઈશે.
2) પસંદગી સમિતિએ સંબંધિત ઉમેદવારોએ મેળવેલા અનુભવના આધારે વિભાગવાર, માધ્યમવાર, વિષયવાર અને કેટેગરીવાર યાદી તૈયાર કરવી જોઈશે.
3) ઉમેદવારે આપેલ શાળા પસંદગી ક્રમને ધ્યાને લઈ શ્રેયાનતા યાદી મુજબ મળવાપાત્ર શાળા ફાળવણી કરવામાં આવશે. ફક્ત અનુભવના આધારે પસંદગી યાદી ગણવામાં આવશે.